# ‘વમળ’ નવલકથામાં નિરૂપિત મનોસંવેદન

નિરવ જે. રાવલ
કો–ઓર્ડિનેટર
નાલદા વિદ્યાલય
મોરબી

સાહિત્યના સ્વરૂપોમા ગુજરાતી સાહિત્યમા નવલકથાનુ ફલક વિરાટ અને વિશિષ્ટ છે. નવલકથા સર્જક અને વાચકના મનોજગતને જોડતા તતુ સમાન બની રહે છે. પરપરાગત માળખામા રહીને કે તેનાથી પર જઈને પણ કયારેક સર્જક નવલકથાનુ સર્જન કરે છે. આવી જ એક નવલકથા નારીના મનોજગતની દ્વિધાઓને જાગૃત કરે છે. 'વમળ' નવલકથાના સર્જક ધીરુબહેન પટેલ અહી નાયિકાના વમળયુકત મનની સ્થિતિને દર્શાવી છે. એક જ જન્મમા બીજા જન્મની વાત સાથે જીવતી નાયિકાના મનોસવેદનો અહી નિરૂપાયા છે. નવલકથાના કથાનકને સમાન અહી હિન્દી ફિલ્મ ભૂલભૂલૈયા પણ સમાન કથાનક હોવાને લીધે નોધનીય બને છે. સર્જક ધીરુબહેન પટેલની આ ત્રીજી નવલકથા 'વમળ' જે ઈ.સ. ૧૯૭૯ મા પ્રગટ થયેલી અને 'વમળ' શીર્ષક હેઠળ ૧૯૭૪ મા 'ગુજરાત મિત્ર' વર્તમાનપત્રમા ધારાવહી રૂપે પ્રસિદ્ધ થયેલી. નવલકથા ૨૫ પ્રકરણ અને ૩૧૨ પૃષ્ઠ ધરાવતી વર્તમાનકાળ ચક્રમા પ્રવાહિત થાય છે. તો વળી, સાથે પૂર્વજન્મની વાત જીવાતા વર્તમાન જીવનમા વારવાર આભાસી ચિત્ર રજુ કરી જાય છે, જે નાયિકાના મનમા વમળની સ્થિતિ પેદા કરે છે.

સામાન્ય માણસના જીવનમા અજ્ઞાનતાના આવરણથી કયારેક આભાસી કોઈ ઘટના જન્મ લેતી હોય છે, અને તે અદર જન્મ લઈ વધે છે, આકાર લે છે અને જાણે તેના વર્તનમા કે પ્રતિક્રિયાઓનો ભાગ બને છે. છતા કોઈ વ્યકિત તે કળી શકતુ નથી. અહી 'વમળ' નવલકથામા પણ લેખિકા આપણને નાયિકાના પાત્ર દ્વારા એ ભાસ કરાવે છે કે ઘણી વખત કાલ્પનિક જગતમા વિહરવામા પણ મજા છે. વાસ્તવિક જીવન અને મનના તરગો વચ્ચેની ભેદરેખા ભૂસાઈ જવાથી નાયિકાના મનોજગતમા અને જીવનમા વટોળ સર્જાય છે અને તેના માટે જીવાતા જીવનમા પરત ફરવાનુ મુશ્કેલ બની જાય છે.

નવલકથાના વિષયવસ્તુને જોઈએ તો નાયિકા સ્વાતિ પતિ અભય સાથે અને સાસુમા ચદનબહેન સાથે સુખી અને આનદથી પોતાના લગ્નજીવનની શરૂઆત કર છે. કથાનકના પ્રારભિક ભાગમા બાળસહજ નિર્દોષ સ્વાતિને સાસરામા જરાપણ તકલીફ કે પરાયા હોવાનો અહેસાસ પણ થતો નથી. સાસુ ચદનબહેન તરફથી સ્વાતિને કયારેય પોતે સાસુ હોવાનો ભાવ પણ દર્શાવ્યો નથી, કે સ્વાતિને પણ ચદનબહેન મળતા પોતાની સગી મા શારદાબહેન યાદ આવતા નથી. પતિ અભય તરફથી પણ તેને અઢળક પ્રેમ અને હૂફ મળતી રહે છે. આમ, સુખમય જીવનમા સ્વાતિ અભયના પ્રેમસભર સસારચક્રમા સતત મનથી પરોવાયેલી જ રહે છે.

જીવનની પ્રત્યેક ક્ષણ આનદના કલશોર સાથે અને ઉમગના ઉછાળા સાથે વીતે છે. સ્વાતિની પાસે એક દિવસ અભયની સ્ત્રી મિત્ર નીલિમાના વખાણ સાભળવા મળે છે. જેમા ચદનબહેન પણ તેના પ્રત્યે લાગણીશીલ છે. નીલિમાને પ્રથમ નજરે જોતા જ તેના સૌદર્યથી સ્વાતિ પણ પ્રભાવિત થઈ જાય છે. તેના લાગણીશીલ સ્વભાવને જાણ્યા બાદ સ્વાતિ પણ નીલિમા પ્રત્યે કોઈ રજ નથી.

ઘટનાક્રમ આગળ વધતા સ્વાતિની તબિયત કથળે છે. સ્વાતિને પાંતે રાજકુમારી હોવાનુ વારવાર સ્વપ્ન આવે છે. વારવાર કોઈ ઘટનામા સરી પડવાના લીધે સ્વાતિની હાલત દિવસેને દિવસે બગડતી જાય છે. એક મા પણ ન કરે તેવી ચાકરી સાસુ ચદનબહેન સ્વાતિની કરે છે. નીલિમા સાથેના લગાવથી પોતે પોતાની માતા શારદાબહેન પાસે પણ જતી નથી. સમય જતા સ્વાતિ

મા બનવાની છે એવા સમાચાર મળતા પતિ અભયના મનમા જરા શાતા અનુભવાય છે કે, કદાચ માતા બન્યા બાદ તેની તબિયતમા સુધારો થશે. બાળકની સુવાવડ માટે પિયર જવાના સમયે તે પતિ અને સાસુ સાથે વાતચીત કરવાનુ બધ કરી દે છે.

સમય જતા સ્વાતિના કૂખે બાળકનો જન્મ થાય છે. બધાને લાગે છે કે હવે સ્વાતિ બાળકમા પરોવાયેલી રહેશે પરતુ, તેનાથી તદ્દન વિપરીત બાબત બને છે. તે પોતાના અસ્તિત્વને પણ તે ભૂલી જાય છે. પોતે એક બાળકની મા બની છે કે તેનુ નામ સ્વાતિ છે તે પણ તે ભૂલી જાય છે. હવે અહી વાસ્તવિક જીવન અને ભૂતકાળમા સરી જવાની ઘટનાનુ વમળ ખરી રીતે સર્જાય છે. સ્વાતિ પોતાને રાજકુમારી માયાકુવર સમજે છે. એક રાજ્યની પોતે કુવરી છે, મહેલમા રહે છે. પોતે યુવાન અવસ્થામા પ્રવેશે છે. પોતાના કુટુબના સાત પેઢીથી જે નગર સાથે ઝઘડા ચાલતા હતા તેવા ખડગપુરના વીરેન્દ્રસિહને તે ચાહે છે. ભાઈ અને પિતા લગ્ન માટે વીરેન્દ્રસિહને કયારેય સ્વીકારે નહી તેવા વિચારે તે વતન છોડી જાય છે. વીરેન્દ્રસિહ સાથેના લગ્ન બાદ પણ માયાકુવરને સાસુ તરફથી સતત ભયનો ભાસ થાય છે. રાજ્યનો વહીવટ પડાવી લેવાના આક્ષેપથી તેની સાસુના માણસો માયાકુવરને કયાક લઈ જાય છે. અહી આ ઘટનાથી વળી લેખિકા વાચકને વર્તમાન એટલે કે જીવાતા જીવનમા લઈ જાય છે જ્યા સ્વાતિની કૂખે બાળક અવતરવાનુ હતુ. બાળકના જન્મ બાદ અતે ડૉકટર, અભય, નીલિમા અને સાસુ ચદનબહેનના સતત પ્રયત્નથી સ્વાતિને પોતે એક બાળકની માતા છે, અભયની પત્ની છે એમ યાદ કરાવી અને ભૂતકાળની તમામ ઘટના ભૂલાવી સ્વાતિના જીવનને ફરી પ્રકાશિત કરી દેવાનો પ્રયત્ન સફળ થાય છે.

અહી નવલકથા 'વમળ'મા સ્ત્રીકેન્દ્રી પાત્ર સ્વાતિ અને તેની આસપાસ સાસુ ચદનબહેન અને નણદ સમાન અભયની સ્ત્રી મિત્ર નીલિમા વગેરે સ્ત્રી પાત્રો જોવા મળે છે. એક જ નાયિકા સ્વાતિ પત્ની તરીકે, વહુ તરીકે, સખીના પરિવેશમા વાસ્તવ જગતમા વચાય છે, જ્યારે આભાસી જગતમા રાજકુમારી, બાપુની દીકરી, વિરાટની બહેન, વીરેન્દ્રસિહની રાણી અને બાસા'બની પુત્રવધ બની નવલકથામા સતત સામે આવે છે. વાસ્તવ જીવનમા જે સ્વાતિના મનોજગતને ઘમરોળી નાખે છે.

સતત સઘર્ષમય મનોજગતથી બધા પાત્રો સમય વિતતા સ્વાતિને જ કેન્દ્રમા રાખીને જાણે જીવન જીવે છે. લગ્નની શરૂઆતના જીવનમા આનદમય કે પતગિયાની માફક ઉડતી સ્વાતિના મન પર કયાક નીલિમાના આગમન અને તેના લાગણીશીલ સ્વભાવની પ્રતિભા અસરકારક બની હોય તેવુ ભાસે છે. એક તો ભૂતકાળની ઘટનામા ગરકાવ થઈ જવાની ક્ષણોની પણ કદાચ એજ સમયે શરૂઆત થવી, અને એજ સમયે નીલિમાના અસ્તિત્વનુ સ્વાતિના જીવનમા પ્રવેશવુ. ખુશહાલ જીવનમાથી સતત સ્વાતિના ન કળી શકાય એવા બેહૂદા વર્તનથી પતિ અભય પણ દુઃખ અનુભવે છે, કયાક તેની સારવાર માટેનો વિચાર પણ તેને માટે કષ્ટરૂપ બને છે.

અભય વિચારે છે કે સ્વાતિ દવાખાને બતાવવા જવાની ઘટના તેના માટે વધુ તકલીફનુ સર્જન કરશે અને નવા પ્રશ્નો ઉભા કરશે. અભય પરિસ્થિતિથી ત્રસ્ત થઈ તે પોતાની મિત્ર નીલિમાની સહાય લે છે. બીજી બાબતે સાસુ ચદનબહેન એક મા કરતા પણ વિશેષ બની સ્વાતિની કાળજી લે છે અને તેને સાચવે છે તો વળી, અભયની સ્ત્રી મિત્રનુ પાત્ર સમજદાર, પ્રેમાળ, લાગણીશીલ બની

સ્વાતિની સખી બની સતત તેની કાળજી લે છે. નીલિમા જ સ્વાતિની માનસિક સ્થિતિને અતે હિમતપૂર્વક ઓળખે છે. નીલિમા તેની નણદ સમાન બની તેની દરેક સ્થિતિમા સ્વાતિને મદદરૂપ થાય છે. કયાક, કયારેક એવો પણ ભાસ વાચક વર્ગને થાય કે એક સબધમા જાણે સ્વાતિ ઈનસીકયુરીટી અનુભવતી હોય. ભૂતકાળની ઘટનાઓ તેના વર્તમાન પર હાવી થાય છે. સતત કાળજી લેતી નીલિમા પણ આ બધી સ્થિતિની જાણે સર્જક હોય એમ વાચનાર અનુભવે છે, જે માન્યતા અતમા ખોટી ઠરે છે. સાસુ કે પતિના મનમા સ્વાતિના કૂખે બાળક જન્મ્યા બાદ સ્થિતિ બદલાઈ જવાની આભાસી ઝખના પોકળ સાબિત થતા દુઃખ અનુભવે છે. તો વળી, સ્વાતિના મનોવિશ્વમા પોતે સતત એક ખુણામા ધકેલાતી હોય એમ તેને લાગ્યા કરે છે. સ્વાતિને પોતાના પતિ અને સાસુ સપૂર્ણ કાળજી લેતા હોવા છતા તેમના માટે કયારેક મનમા શકા ઉપજાવે છે. નીલિમાની સાર સભાળના લીધે પોતે માતૃત્વ ધારણ કર્યા બાદ પોતાને પિયર સુવાવડ કરવા જવાની પણ ના કહી દે છે. સ્વાતિ નીલિમાના સસર્ગ વગર જાણે રહી શકતી નથી.

ભૂતકાળની ઘટનાઓનો સતત મારો થતો હોવાથી જાણે એ જ ઘટનાઓ વાસ્તવિક જીવન સાથે પણ સામ્યતા ધરાવે છે જેથી સ્વાતિના મનમા ઘણી બધી વખત શકા–કશકાઓ જન્મ લે છે. ભૂતકાળની ઘટના જે આભાસી છે તેમા માયાકુવર અને વીરેન્દ્રસિહના લગ્ન બાદ સાસુ બાસા'બનુ આગમન, તો વાસ્તવિક જીવનમા પોતાના આનદમય જીવનમા અભયની સ્ત્રી મિત્ર નીલિમાનુ આગમન કળી ન શકાય એવા વીરેન્દ્રસિહના રોગ માટે તેને સતત અપાતા ઔષધ, તો વાસ્તવિક જીવનમા સ્વાતિની મનોદશા બદલાતા તેના ઈલાજની શરૂઆત થાય છે. તેમજ રાજ્ય વહીવટમાથી માયાકવરને રાજમહેલમાથી દૂર લઈ જવાની ભૂતકાળની વાતને વાસ્તવિક જીવનમા સ્વાતિને દવાખાને સુવાવડ માટે લઈ જવાની ઘટના વગેરે પ્રસગોથી સ્વાતિનુ મન દ્વિધાયુકત થઈ ચકરાવે ચડે છે. આ બધી વાસ્તવિક જીવનની ઘટનાઓમા નીલિમાનુ પાત્ર જરાપણ વિચલિત થયા વગર પરિસ્થિતિને સમજી અને સ્વાતિના ઈલાજ સુધી પહોચી તેમા સફળતા મેળવે છે. જે તેની કાળજીપૂર્વકના સ્વભાવ સમજદારી, માયાળુ અને લાગણીશીલ સ્વભાવનુ નિદર્શન કરે છે.

કદાચ નવલકથાના અતને અલગ રીતે દર્શાવીને પણ સ–રસ બનાવી શકયા હોત. જેમ કે, સ્વાતિની મનોદશાના કારણરૂપ નીલિમાનુ પોતાના જીવનમા આગમન અને તેના અસ્તિત્વને લીધે, તો વળી, કયાક લેખિકા ભૂતકાળની ઘટના અને વર્તમાન જીવનની ઘટનાને એકરૂપ બનાવી શકયા ન હોત. એવુ પણ લાગે છે. કયાક વાચકવર્ગને સ્વાતિની જે અવસ્થા થઈ તેના કારણરૂપ કયારેક નીલિમા લાગે છે, પરતુ નીલિમા જ અતમા તેની તારણહાર બનીને સામે આવે છે. આમ, આ નવલકથામા લેખિકા ધીરૂબહેન પટેલે નાયિકાના મનોજગતને એક સાથે દોહરા જીવનની ઘટમાળમા સર્જી અદ્ભૂત લેખન કૌશલ્ય દાખવ્યુ છે.